હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ચંદ્રયાન તો સમયે પહોંચાડી દીધું, હવે બસ ટાઈમે આવી જાય તો આપણને બહુ આનંદ થાય...!!!

વાવોલ બ્રહ્મસમાજ - અડાલજ બ્રહ્મસમાજ - ઉવારસદ બ્રહ્મસમાજ નાં સંયુક્ત ઉપક્રમે વરિષ્ઠ બ્રાહ્મણ સન્માન અને વિદ્યાર્થી પારિતોષિક સન્માન સમારોહ નો કાર્યક્રમ સમસ્ત બ્રહ્મસમાજ ન્યૂ ગાંધીનગરનાં નેજા હેઠળ બારગામ કડવા પટેલ સમાજ ની વાડી, ઉવારસદ ખાતે આયોજવામાં આવ્યો હતો, જેમાં ત્રણેય વિસ્તાર માંથી મોટી સંખ્યામાં ભૂદેવ પરિવાર ઉષ્માભેર ઉમટી પડ્યા હતા.

સેક્ટ-૨ ૩માં કડી સ્કૂલની સામે ગેટ નંબર ૭ ના દરવાજાની સામે લીમડાની ઝાડીમાં ગેરકાયદેસર રીતે પાણીનું જોડાણ લઈ શ્રમજીવી પરિવારો પાણીનો ઉપયોગ કરી રહ્યા છે.

ગુજરાત છેલ્લા દશકમાં મજબૂત અર્થ વ્યવસ્થાથી દેશનું ગ્રોથ એન્જિન બન્યું : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે એશિયન ડેવલોપમેન્ટ બેંકના પ્રેસિડેન્ટ શ્રીયુત માસાતુસગુ આશકાવા અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં વિસ્તૃત બેઠક યોજીને એશિયન ડેવલપમેન્ટ બેંક અને ગુજરાતના સંબધોને વધુ વ્યાપક બનાવવા વિચાર વિમર્શ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં યોજાઈ રહેલી જી ૨૦ની ત્રીજી ફાઈનાન્સ એન્ડ સેન્ટ્રલ બેંક ડેપ્યુટીસની બેઠકમાં ભાગ લેવા આવેલા આ પ્રતિનિધિ મંડળને આવકારીને રાજયની અત્યાર સુધીની વિકાસ યાત્રામાં એડીબીએ આપેલા સહયોગ માટે આભાર વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ એડીબી રાજય સરકારને સ્કીલ ડેવલોપમેન્ટ અને અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં મદદ કરી રહી છે તે જ રીતે ગ્રીન એનર્જી, આરોગ્ય, રૂરલ રોડ કનેક્ટિવિટી, પેય જળ અને આવાસ વગેરે ક્ષેત્રોમાં એડીબીના સહયોગની અપેક્ષા વ્યકત કરી હતી. તેમણે કહ્યું કે, ગુજરાત છેલ્લા એક દશકમાં મજબૂત અર્થ વ્યવસ્થાથી દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. સાથો સાથ મેન્યુફેકચરીંગ, સર્વિસ અને એગ્રિકલચર સેક્ટર પણ રાજયના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી રહ્યા છે તેમ જણાવ્યું હતું. તેમણે દસમી ગુજરાત વાયબ્રન્ટ સમિટમાં જોડાઈને ફિન્ટેક ક્ષેત્રનો વ્યાપ ગુજરાતમાં જ નહીં પરંતુ દેશમાં આગળ ધપાવવા અંગેની ચર્ચાઓ નું નેતૃત્વ કરવા એડીબીને આમંત્રણ આપ્યું હતું.

ગાંધીનગરમાં વિહોતર વિકાસ મંચની બેઠક મળી

રબારી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારવા અને સરકારી યોજનાઓનો લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોચાડવા ગ્રામ્ય-તાલુકા અને જિલ્લા સ્તરે વિવિધ સમિતિઓની રચના કરાશે

ગાંધીનગર તા ૧૬

વિહોતર વિકાસ મંચ,ગુજરાત પ્રદેશની બેઠક ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે પ્રદેશ અધ્યક્ષ શ્રી અજયભાઈ ચલુવા અને પ્રદેશ મહામંત્રીશ્રી ધનજીભાઈ દેસાઈ બોરમઠની ઉપસ્થિતિમાં મળી હતી.

ગુજરાતમાં આગામી સમયમાં રબારી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે અને લાકડીયા તારવાળો સમાજ બોલપેન અને લેપટોપથી ઓળખાય તે માટે શિક્ષણ અને મહિલા સુધારણા,બેટી બચાવો બેટી પઢાવો અને રાજય સરકારની શૈક્ષણિક,આર્થિક ઉત્કર્ષની વિવિધ યોજનાઓનો લાભ સમાજના છેવાડાના નાનામાં નાના માણસો સુધી પહોંચે તે માટે ગ્રામ્ય, તાલુકા અને જિલ્લા સ્તર સુધી સમિતીઓની રચના કરી સમાજને ઉપયોગી અનેક કાર્યો થાય તેવા રણટંકાર સાથે બેઠકની પૂર્ણાહુતિ કરી હતી સમાજ સેવક અને વિહોતર વિકાસ મંચ પ્રદેશ સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી એ.જી.લુણી તથા મહિલા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ નીતાબેન, મહામંત્રી ગીતાબેન તથા મધુબેન તથા લીગલ સેલ કન્વિનર લગધીરભાઈ તેમજ પ્રદેશ તથા જિલ્લા તાલુકા શહેર તાલુકા પ્રમુખ હોદ્દેદારો ઉપરાંત અમદાવાદ, અરવલ્લી સાબરકાંઠા, મહેસાણા, જૂનાગઢ, ભાવનગર, સુરત, પાટણ, રાજકોટ, બનાસકાંઠા સહિત તમામ જિલ્લાના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આજથી દશામાના વ્રતનો પ્રારંભ

બજારમાં દશામાના વ્રત ને પગલે માતાજીની મૂર્તિ અને પુજાપાની ધૂમ ખરીદી નીકળી

બજારમાં દશામાની મૂર્તિ નાં વિવિધ સ્ટોલ પર શનીવાર અને રવિવારે મૂર્તિ અને શણગાર સહિત પૂજાપા ની ધુમ ખરીદી નીકળી હતી .ભકતજનો પોતાની મનગમતી મૂર્તિની ખરીદી કરતા જોવા મળ્યા હતા.સેક્ટર ૨૧,સેક્ટર ૭,સેક્ટર ૨૪ માં વેપારીઓ દ્વારા મનમોહક મૂર્તિ નાં સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

દશામાનું વ્રત અષાઢ વદ અમાસથી શરૂ થાય છે. દસમે દિવસે તે પૂર્ણ થાય છે. માટીમાંથી બનાવેલ જે સાંઢણી છે તેની મૂર્તિ બનાવી તેના પર દશામા પધાર્યા છે તેવો ભાવ કરી પ્રાતઃકાળે સ્નાન કરી, ધૂપ-દીવો કરી, શ્રદ્ધાપૂર્વક દશામાની કથા સાંભળવાની હોય છે. દસમે દિવસે એ સાંઢણી નદીમાં કે ગામની ભાગોળે નિશ્ચિત સ્થળે મંદિરે પધારાવવાનાં હોય છે. પાંચ વર્ષ સુધી આ વ્રત લેવાય છે. યથાશક્તિ સોનું, ચાંદી તથા પંચધાતુની સાંઢણી બનાવી ગરીબને દાનમાં આપવી, વસ્ત્રદાન કરવું, દક્ષિણા આપવી, ભક્તિભાવપૂર્વક દશામાનું વ્રત કરવાથી ઘરમાં સુખ- શાંતિ તથા સમૃદ્ધિ માટે સદ્કર્મો કરવાથી કર્મયોગની પ્રાપ્તિ થાય છે. આ વ્રતથી પરિવારમાં સૌ કોઈને પરિશ્રમ તથા પ્રામાણિકપણે સમૃદ્ધિ મળે છે. જીવનમાં ભક્તિભાવ પ્રગટે છે. સુહાગન સ્ત્રીઓ તથા કુંવારી કન્યાઓને મનોવાંચ્છિક ફળ મળે છે તેવી શ્રદ્ધા આ વ્રતની ઉજવણીમાં હોય છે.

આ વર્ષે અધિક શ્રાવણ માસને લઈ અષાઢ વદ અમાસથી શરૂ થતાં દશામાના વ્રતની ઉજવણી અષાઢ અમાસને બદલે અધિક શ્રાવણ માસની અમાસ તીથીથી શરૂ કરવામાં આવનાર છે, ત્યારે હાલની મોંઘવારી તેમજ મંદીના માહોલમાં જયારે મધ્યમવર્ગના લોકોની અવદશા બેઠી છે, ત્યારે આર્થિક રીતે તેમજ સામાજીક રીતે દશા સુધરે તે માટે લોકો ભક્તિભાવ પૂર્વક દશામા નું વ્રત કરે છે.

૧૦ દિવસ સુધી ચાલતા આ વ્રત દરમિયાન કઠિન નિયમોનું પાલન કરવાનું હોય છે, ત્યારે ૧૦ દિવસ સવાર-સાંજ નિયમિત રીતે આરતી તેમજ કથાનું વાંચન કરવાનુ હોય છે. વ્રતના દિવસો દરમિયાન ઘરમાં ગૃહ કલેશ થવો ન જોઈએ અને શાંતિનું વાતાવરણ રહેવુ જોઈએ. આવા વાતાવરણમાં થતા દશામાં માતાના વ્રતનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે, તેવી માન્યતા પ્રચલિત છે. ૧૦ દિવસ માતાજીના શણગારમાં બદલાવ કરવો પણ એટલો જ જરૂરી છે.

દશામાની સ્થાપના અમાષની સમી સાંજ બાદ કરવામાં આવશે, ત્યારે ખુબ ધામધૂમથી ભક્તજનો દશામાની પધરામણી પોતાના નિવાસસ્થાને કરી સગા-સંબંધી તેમજ પાડોશીઓને ભેગા કરી આધ્યાત્મિક વાતાવરણમાં દશામાની કથાનું શ્રવણ કરી આરતી ઉતારી પ્રસાદની વહેંચણી કરે છે.

દશા માતાના વ્રતનના નિયમ

દશામાતાનું વ્રત દર વખતે એક કર્યા બાદ દર વર્ષે કરવામાં આવે છે. આ વ્રત વચ્ચે વચ્ચે છોડી શકાય નહીં. આમ કરવું અશુભ માનવામાં આવે છે. જો જરૂરી હોય તો, તમે ઉદ્યપન કર્યા પછી તેને છોડી શકો છો.

પીપળના ઝાડની છાયામાં દશામાતાની પૂજા કરવી શુભ માનવામાં આવે છે. અને પૂજાનો દોરો પણ પીપળાની આસપાસ બાંધવામાં આવે છે. આ દિવસે પીપળાની પૂજા કરીને ભગવાન વિષ્ણુની પણ પૂજા કરવામાં આવે છે. આ વ્રતમાં સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. ઘરની બિનજરૂરી વસ્તુઓ પણ બહાર રાખવામાં આવે છે. આ સાથે સફાઈ સંબંધિત વસ્તુઓ એટલે કે સાવરણી વગેરે ખરીદવાની પરંપરા પણ આ દિવસે પ્રચલિત છે.

દશમાતા વ્રત રાખનારી મહિલાઓ દિવસમાં માત્ર એક જ વાર ભોજન અથવા ફળનું ભોજન કરી શકે છે. આ ઉપવાસ દરમિયાન મીઠાવ વિનાનું ખાવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે જો દશમાતા વ્રત નિયમ પ્રમાણે, સાચા હૃદય અને ભક્તિ સાથે કરવામાં આવે છે, તો જીવન સાથે સંબંધિત દુઃખ અને સમસ્યાઓ એક વર્ષમાં જ દૂર થઈ જાય છે. દશામાતાના દોરા આખા વર્ષ દરમિયાન ગળામાં પહેરવામાં આવે છે. પરંતુ જો દશામાતાના ડોરાને આખા વર્ષ દરમિયાન ન પહેરી શકાય તો વૈશાખ માસના શુક્લ પક્ષમાં કોઈપણ શુભ દિવસે તેને પીપળે અર્પણ કરી દેવો.

શહેરના બજારોમાં દશામાં માતાની મૂર્તિઓનું ધૂમ વેચાણ

વિવિધ શણગારના સાધનો જેમ કે ચાંદલા, ચૂંદડી અને અન્ય આભૂષણો વગેરેની માંગ ઉભી થતાં આ ચીજવસ્તુઓનો વેપાર કરતા વેપારીઓના ધંધામાં તેજી આવી ગઈ છે.

ગાંધીનગરમાં વસતા માઈભક્તોમાં વધારો જોવા મળતા આ વર્ષે દશામા માતાની પ્રતિમાની માંગમાં પણ વધારો થયો છે. વેપારી સુત્રોના જણાવ્યા અનુસાર, હાલ ઓછામાં ઓછી ૧૨૦ રૂપિયાથી લઈ ૫૦૦૦ રૂપિયા સુધીની દશામા માતાની પ્રતિમા ઉપલબ્ધ છે. સાથે મોટા કદની પ્રતિમાઓનુ પણ ધુમ વેચાણ થઈ રહ્યું છે.નાગ દેવતા વાળી મૂર્તિ,કળશ વાળી મૂર્તિ, છત્ર વાળી મૂર્તિ, ચશ્માવાળી મૂર્તિ સહિત અવનવી મૂર્તિઓ જોવા મળી રહી છે.પટણી પરિવારના વેપારીઓ સેક્ટર ૨૧ માર્કેટ માં દર વર્ષે આ મૂર્તિઓનું વેચાણ કરે છે.આ લોકો છેલ્લા ૮ મહિનાથી આ મૂર્તિઓ બનાવી રહ્યા છે.અત્યારે ૨૫૦૦ થી વધુ મૂર્તિઓ બનાવી ચૂક્યા છે.એક ૫ ફૂટ ની મૂર્તિ બનાવવા પાછળ તેમને ૧૦ દિવસ જેટલો સમય લાગે છે.વેપારીઓના જણાવ્યા પ્રમાણે માઈભકતો સૌથી વધારે નાના કદની મૂર્તિઓની ખરીદી કરી રહ્યા છે.

નાના ચિલોડાના યુવકની મેદરા કેનાલમાં મોતની છલાંગ

ફાયર ટીમના જવાનોએ રેસ્ક્યુ કરી જીવન મરણ વચ્ચે જંગ લડી રહેલા યુવકને બચાવી લીધો



ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરની મેદરા કેનાલમાં નાના ચિલોડાના એક યુવકે ઝંપલાવ્યું હતું. ગાંધીનગર ફાયર બિગ્રેડની ટીમના જવાનોએ કેનાલમાં જીવન મરણ વચ્ચે જંગ લડી રહેલા યુવકને ભારે જહેમત બાદ હેમખેમ બહાર નીકાળ્યો હતો.બનાવ અંગે ડભોડા પોલીસે યુવકની પુછપરછ હાથ ધરી હતી.

ગાંધીનગર નજીક મેદરા ગામની સીમમાંથી પસાર થતી મેદરા કેનાલમાં જીવન ટુંકાવી દેવા એક યુવકે કેનાલના પાણીમાં છલાંગ મારી હતી. કેનાલના ઉંડા પાણીમાં યુવક જીંદગી અને મૃત્યુ વચ્ચે જંગ લડી રહ્યો હોવાની જાણ ગાંધીનગર ફાયર બિગ્રેડની ટીમને કરવામાં આવી હતી.જેથી ફાયર ટીમના જવાનો તાત્કાલીક સ્થળ પર પહોંચી ગયા હતા. તે સમયે એક ટીમ કેનાલની બહાર દોરડુ પકડીને ઉભી હતી. જયારે ફાયર જવાનો એકપળનો પણ વિચાર કર્યા વિના કેનાલમાં કુદીને યુવકને બચાવ કામગીરી હાથ ધરી હતી.જયારે કેનાલના ઉંડા પાણીમાંથી યુવકને હેમખેમ બચાવી લીધો હતો. ભારે જહેમત પછી ફાયર ટીમના જવાનોની મહેનત રંગ લાવી હતી. યુવકને હેમખેમ બહાર નીકાળી પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસની પુછપરછમાં યુવક નાના ચિલોડાનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. યુવક કોઈ કામ ધંધો કરતો ન હોવાથી પરિવારના સભ્યોએ ઠપકો આપતા લાગી આવતા યુવક ઘરેથી નીકળી કેનાલ ખાતે આવી ગયો હતો. યુવકની પાછળ પરિવારના સભ્યો પણ દોડી આવ્યા હતા. ત્યારે યુવકે કેનાલમાં મોતની છલાગ લગાવી હતી. કેનાલમાં પડ્યા બાદ તેને પાણીમાં હાથપગ ચલાવવાનું શરુ કર્યું હતું. જેથી કેનાલના પાણીમાં જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા યુવકને બચાવી લઈ આગળની તપાસ હાથ ધરી છે.

ચંદ્રાલા પાસે આઈશર કન્ટેનરમાંથી વિદેશી દારૂની ૧૫૩ પેટી ઝડપાઈ

ચિલોડા પોલીસે દારૂ અને કન્ટેનર મળી કુલ રૂ.૧૯.૨૦ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૧૬

ચિલોડા-હિંમતનગર હાઈ-વે માર્ગ પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પરથી બંધ બોડીના આઈશર કન્ટેનરમાંથી ચિલોડા પોલીસે વિદેશી દારૂની ૧૫૩ પેટી અને આઈશર ચાલકને ઝડપી પાડ્યો હતો. પોલીસે નંગ-૧૮૩૬ બોટલ કિં.૯ લાખ ૧૮ હજાર, આઈશર કેન્ટેનર રૂ.૧૦ લાખ તેમજ અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂ.૧૯,૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ એ.એસ.અસારી, પીએસઆઈ ડી.બી.ઝાલા તેમજ હે.કો.સુનિલ દલાભાઈ, સુરેશ મણીભાઈ, કોન્સ્ટેબલ શૈલેષ શીવાભાઈ, વિજયસિંહ તેજુસિંહ, સહિતના જવાનો ચંદ્રાલા નાકાપોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે બાતમી મળી હતી કે બંધ બોડીના આઈશર ટ્રક નં. એચ.આર.૬૧.ઈ.-૨૯૬૯ વિદેશી દારૂની પેટીઓ ભરી છે. જે કન્ટેનર હિંમતનગર થી અમદાવાદ તરફ જવાનું છે. જેથી પોલીસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી.તે સમયે બાતમીવાળુ કેન્ટનર દેખાતા પોલીસે સાઈડમાં કરાવી અંદર તપાસ કરતા પોલીસને વિદેસી દારૂની ૧૫૩ પેટીઓ મળી આવી હતી. પોલીસે રૂ.૯.૧૮ લાખની દારૂની ૧૮૩૬ બોટલ આઈશર કન્ટેનર કિં.૧૦ લાખ, ૨ હજારનો મોબાઈલ ફોન સહિત આઈશર ચાલક કૃષ્ણકુમાર ઉર્ફે કરશન રામપત જાટ (ઉં.૫૨, રહે ખેરા તરૂ (બહુ) પોસ્ટ હરુ થાના સાલાવાસ તા.માતનહેલ જી ઝજ્જર હરીયાણા) ને ઝડપી પાડી ગુનો નોંધી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે બંટી નામનો હરીયાણાનો આરોપી વોન્ટેડ છે. જયારે દારૂ મંગાવનાર અજાણ્યા શખ્સોના નામઠામ મળ્યા નથી. ત્યારે ચિલોડા પોલીસે વિદેશી દારૂની પેટીઓ ભરીને અમદાવાદ જતા કન્ટેનરને ચિલોડા પોલીસે ઝડપી પાડ્યું હતું.

સેકટર-૨૧માં પોલીથીન બેગની ઝુંબેશમાં બેવડી નિતી રાખતા કર્મચારીઓ

ગાંધીનગર, તા.૧૬

શહેરના સેકટર-૨૧ ખાતે દબાણ હટાવ અને પોલીથીન બેગની ઝુંબેશ ચાલી રહી છે. પરંતુ તંત્ર દ્વારા દબાણ તો મોટાભાગે હટાવી દેવામાં આવ્યું છે. જયારે પોલીથીન બેગમાં મનપા કર્મચારીઓનું બેવડુ ધોરણ જોવા મળી રહ્યું છે. શાકભાજીના વેપારીઓ પાસે પોલીથીન પકડાય તો રૂ.૫૦૦ ની દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે.પરંતુ સે-૨૧ માં કાળી થેલીનો બેરોકટોક ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે કાળી થેલીનો ઉપયોગ કરતા વેપારીઓ સામે પણ દંડનીય કાર્યવાહી થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી સેકટર-૨૧ શાકમાર્કેટ સહિત આસપાસના વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા દબાણકારો પર સપાટો બોલાવતા સે-૨૧ દબાણ મુકત બન્યું હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર મહાનગર પાલિકા તંત્ર દ્વારા આ વિસ્તારમાં ૧૦ જેટલા કર્મચારીઓ પણ તૈનાત કરાયા છે. આ કર્મચારીઓ દબાણકારોને હટાવી દે છે જે કામગીરી સરાહનીય છે.પરંતુ આ કર્મચારીઓ પોલીથીન બેગની પણ ઝુબેશ ચલાવે છે. જેમાં શાકભાજી

વેચતા વેપારી પાસેથી પોલીથીન બેગ ઝડપાય તો રૂ.૫૦૦ ની પાવતી આપવામાં આવે છે. જયારે કોઈ ન જોતુ હોય તો છાને ખુણે વ્યવહાર પણ કેટલાક વેપારીઓ આ કર્મચારીઓને આપતા હોવાનું ધ્યાને આવ્યું છે. ત્યારે શાકભાજીના વેપારી પોલીથીન બેગ ન રાખી શકે કે ગ્રાહકને શાકભાજી ન આપી શકે તે તંત્ર દ્વારા કડક જોગવાઈ કરી છે તે સારી બાબત છે.પરંતુ સેકટર-૨૧ ગણતરીની કેટલીક દુકાનોમાં કાળા કલરની પોલીથીન બેગ વપરાય છે તે વેપારીઓ સામે કોઈ દંડનીય કાર્યવાહી નહી. તે વેપારીઓને પણ રૂ.૫૦૦ પાવતી આપવી જોઈએ. સે-૨૧ કેટલીક દુકાનોમાંથી ગ્રાહકો કાળા કલરની થેલીમાં બિન્દાસ્ત ચીજવસ્તુ લઈ જતા નજરે પડે છે. સે-૨૧ માં કાળી પોલીથીનનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. ગાંધીનગર મનપાના કર્મચારીઓની બેવડી નિતી પાછળ કેટલાક વેપારીઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ત્યારે સેકટર-૨૧ માં તંત્ર દ્વારા ઝુંબેશ ચલાવી પોલીથીન બેગ સદંતર બંધ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં જુન મહિના સુધીમાં ૯૩ વ્યાજબી ભાવની દુકાનોની ચકાસણી કરવામાં આવી હતી.
- વિવિધ ફરસાણના વેપારીઓ દ્વારા વાનગી તળાઈ ગયા બાદ ખરાબ તેલનો ઉપયોગ કરતા હોય તેવા વેપારીઓની હવે ચકાસણી કરાશે.
- ગાંધીનગર શહેરમાં આજે ગરમીનું પ્રમાણ વધુ જણાયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં અધિક શ્રાવણ નજીક આવતાં જ શિવાલયોમાં શિવભક્તોની ભીડ વધી છે.
- મુખ્યમંત્રીના જન્મદિવસની ઉજવણી કરવા ભાજપ દ્વારા ઈસનપુર મોટા હોસ્પિટલના દર્દીઓને ફળોનું વિતરણ કરાયુ હતુ.
- ગાંધીનગર નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી કરાઈ.
- ચંદ્રાલાથી હિંમતનગર તરફ જતા રોડ પરથી ૧૬ હજારનો વિદેશી દારૂ ઝડપાયો.
- કલોલના જાસપુર ગામમાં કોઈનથી જુગાર રમતા ૧૧ જુગારીઓને પોલીસે ઝડપી પાડ્યા છે.
- ગાંધીનગર શહેરના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ ગ્રામજનોમાં વધી છે.
- ગાંધીનગર મનપાના જનસંપર્ક અધિકારી યાજ્ઞિકભાઈ ઠેસીયા આઈ.આઈ.એસ.ની પરીક્ષામાં ઉત્તીણ થયા છે.
- માણસાના ધારાસભ્ય જે.એસ. પટેલે આજોલ પ્રા. શાળાની મુલાકાત લેતાં શૈક્ષણિક જગતમાં ખુશીનો માહોલ.
- ચિલ્ડ્રન યુનિ.માં ફેકલ્ટી ડેવલપમેન્ટનો કાર્યક્રમ યોજાઈ ગયો.
- ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે. ૮ની શાળાના બાળકોને શૈક્ષણિક કીટ અપાઈ.
- ભારતીય વિચાર મંચ દ્વારા યુનિફોર્મ સિવીલ કોડ પર વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર ખાતે વ્યાખ્યાન યોજાયુ હતુ.
- ભાવસાર મિત્ર મંડળ દ્વારા તેજસ્વી તારલાઓના સન્માનનું આયોજન હાથ ધરાયુ છે.
- ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની ફરિયાદો વધવા પામી છે.
- પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી અંગે કોંગ્રેસ દ્વારા પ્રશ્નાર્થો ઉભા કરાતા નગરજનોમાં તે મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો હતો.
- ગાંધીનગર મનપામાં આકારણી શાખા જુની કચેરીમાં કાર્યાન્વીત કરવામાં આવશે. આગામી સપ્તાહમાં આ શાખા કાર્યાન્વીત થઈ જાય તે દિશામાં કાર્યવાહી વેગીલી બની.